# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતેથી ચલો કુંભ ચલેની વોલ્વો બસને પ્રસ્થાન કરાવશે.**
2) **પ્રજાસત્તાક પર્વ નિમિત્તે રાજભવન ખાતે રાજ્યપાલ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં 'એટ હોમ' કાર્યક્રમ યોજાયો.**
3) **સ્ટેચ્યુ ઓફ યુનિટિને દેશનું આધુનિક સ્થળ ગણાવીને સરદાર પટેલની વિશાળ પ્રતિમાના નિર્માણ બદલ અભિનેતા આમિર ખાને પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો.**
4) **પદ્મભૂષણનો એવોર્ડ મેળવનાર દેશના અગ્રણી ઉદ્યોગકાર પંકજ પટેલે પોતોનો મળેલો એવોર્ડ ફાર્મા ક્ષેત્રના લોકોને સમર્પિત કર્યો.**
5) **કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા આજે ગાંધીનગર ખાતે આંતરાષ્ટ્રીય ઓલમ્પિક રિસર્ચ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કરશે.**
6) **રાજ્યના ગુંજલ તાવીયાએ બિહાર ખાતે યોજાયેલી 68મી રાષ્ટ્રીય શાળાકીય શૂટિંગ સ્પર્ધામાં એક સૂવર્ણ સહિત ચાર ચંદ્રકો જીત્યા.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM CHALO KUMBH CHALE VOLVO BUS

ગુજરાત એસ. ટી. નિગમ અને ગુજરાત પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવેલ "ચલો કુંભ ચલે" વોલ્વો બસની પ્રથમ બસનું પ્રસ્થાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરવામાં આવશે.. આજે સવારે ગાંધીગરના સર્કિટ હાઉસ ખાતેથી આ બસને મુખ્યમંત્રી શરૂ કરાવશે.. રાજ્ય સરકારે આઠ હજાર એક સો રૂપિયાના પેકેજ સાથે કુંભમાં જવા ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરી છે..આ વિશેષ વ્યવસ્થાનો આજથી આરંભ થશે...

# CM PROGRAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બે જાહેર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.. જેમાં સવારે દસ વાગીને ત્રીસ મિનીટે ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સેન્ટરનું ઉદઘાટન કરશે. આ ઉપરાંત તેઓ બપોરે બે કલાકે અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલા શહિદવીર મંગલ પાંડે હોલ ખાતે એક સામાજીક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. અહીં તેઓ  શ્રી દશકોશી 42 ગામ પાંચ પરગણા આયોજિત ષષ્ઠીપૂર્તિ મહોત્સવમાં ઉપસ્થિત રહેશે..

# AT HOME -RAJBHAVAN

૭૬મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે  રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'એટ હોમ' કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે રાજ્યપાલ દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીના મહત્વ વિશે વાત કરતાં

જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિ પર્યાવરણ, ધરતી માતા, પાણી, ગૌ માતા તથા લોકોના સ્વાસ્થ્યને બચાવે છે અને ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખોલે છે.તેમણે નાગરિકોને  દેશને વિકસિત અને આત્મનિર્ભર બનાવવા યોગદાન આપવા આવહાન કર્યું હતું. રાજ્યપાલ અને મુખ્યમંત્રીએ  રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ તેમજ અગ્રણી મહાનુભાવો અને નાગરિકોને મળી પરસ્પર શુભેચ્છાઓની આપ-લે કરી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ  પ્રાકૃતિક કૃષિ હાટડીઓનું નિદર્શન કર્યું હતું.

# STATUE OF UNITY – AMIR KHAN

એકતાનગર સ્થિત સરદારસાહેબની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા તેમજ આસપાસના પરિસરને નિહાળીને બોલીવુડ અભિનેતા આમિરખાને આ સ્થળને આધુનિક ગણાવ્યું હતું.. પ્રજાસત્તાક દિને સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે આવેલા આમિરખાને ધ્વજવંદન પણ કર્યું હતું. ખાદી-ના વસ્ત્રો પરિધાન કરીને આવેલા આ બોલીવુડ અભિનેતાએ પિન્કરિક્ષામાં બેસી વિશ્વ વનની મુલાકાત લીધી હતી અને અહીં તેમણે કેસુડાનો છોડ રોપ્યો હતો. વિશ્વ વન પરિસરમાં તેમણે ગુજરાતી ભોજનનો આસ્વાદ પણ માણ્યો હતો. આ વિશાળ પ્રતિમાનેસાકાર કરવા બદલ આમીરખાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો

## બાઇટ - આમિર ખાન અભિનેતા

# PANKAJ PATEL – PADMA BHUSAN

**રાજ્યના ઉદ્યોગપતિ પંકજ પટેલને વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે તેમના મહત્વપૂર્ણ યોગદાન અર્થે પદ્મભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેઓ દવા બનાવતી ફાર્માસ્યુટિકલ કંપની ઝાડયસ લાઈફ સાયન્સના ચેરમેન છે. તેમણે આ સન્માનને ફાર્મા ક્ષેત્રના લોકોને સમર્પિત કર્યું છે.**

**આ અંગે તેમણે આ મુજબ પ્રતિક્રિયા આપી.**

**(બાઈટ - પંકજ પટેલ)**

## MANDAVIY INT CONFERENCE

કેન્દ્રીય શ્રમ અને રોજગારી મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા આજે ગાંધીનગરમાં એક આંતરરાષ્ટ્રિય પરિષદનું ઉદઘાટન કરશે. ગાંધીનગર સ્થિતિ રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટી ખાતે ઇન્ટરનેશનલ ઓલમ્પિક રિસર્ચ કોન્ફરન્સનું કેન્દ્રીય મંત્રી ઉદઘાટન કરશે.. જેમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિતિ રહેશે.

## CHHOTAUDEPUR BHIKKHUSINH PARMAR LOKARPAN

**અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે છોટાઉદેપુર ના સિંહોદ ગામે ગુજરાત પાણી પુરવઠા વિભાગ દ્વારા નિર્મિત એક લાખ લીટરની ક્ષમતાના પાણીના ટાંકાનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે, સિંહોદ ગામના લોકોને નર્મદાનું પીવાનું પાણી મળી રહેશે જેનાથી ઘણા પરિવારોને લાભ મળશે.તેમણે ગ્રામજનોને પાણીની જાળવણી કરવા સૂચન કર્યું હતું.**

# PREM NU PANETAR

જામકંડોરણામાં 'પ્રેમનું પાનેતર' નામે નવમો સમુહલગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહલગ્નોત્સવમાં  લેઉવા પટેલ સમાજની 511 દીકરીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા. વિઠ્ઠલ રાદડિયાની પુણ્યસ્મૃતિમાં તેમના પુત્ર જયેશ રાદડિયા દ્વારા સમુહલગ્નોત્સવનું આયોજન કરાયું હતું..

આ સમાજીક કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ, સાંસદ મનસુખ માંડવીયા,પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, વર્તમાન કૃષી મંત્રી રાઘવજી પટેલ ઉપરાંત પટેલ સમાજના ધારાસભ્ય તેમજ પટેલ સમાજના અનેક અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ સમુહ લગ્નોત્સવ 300થી વધુ વીઘા ખુલ્લી જમીન પર 511 લગ્ન મંડપ, પાર્કિંગ તેમજ જમણવાર યોજાયો હતો. આ ઉપરાંત વરરાજાઓના સામૈયા માટે ગીર સફારીની ખુલ્લી જીપોથી માંડી વિન્ટેજ કાર સુધીની વ્યવસ્થા કરવામાં આવી હોવાની માહિતી આ અંગે રાજ્યના પૂર્વ મંત્રી જયેશ રાદડિયાએ આ માહિતી આપી હતી.

## બાઇટ- જયેશ રાદડિયા , પૂર્વ મંત્રી

# MAHISAGAR DEATH

મહિસાગર નદીમાં બોટ પલટી જતાં ત્રણનાં મોત થયાં હતાં. આણંદ જિલ્લાના વાસદ નજીક મહિસાગર નદીમાં માછીમારી કરવા ગયેલા પિતા-પુત્રનું ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. માછીમારી દરમિયાન બોટ અચાનક નદીમાં પલટી મારી ગઇ હતી જેને કારણે એક જ પરિવારના ત્રણના મોત થતા સમગ્ર

વિસ્તારમાં શોક વ્યાપી ગયો હતો..આ દુર્ઘટનાની જાણ થતા જ તાત્કાલિક ફાયર બ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે ધસી ગઇ હતી..

જ્યારે સ્થાનિક સાંસદ પણ હોસ્પિટલ પહોંચ્યા હતા અને શોક ગ્રસ્ત પરિવારજનોને સાંત્વના આપી હતી અને વહીવટી અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

# DRI RAID

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (DRI)એ વન્યજીવ પ્રતિબંધિત વેપારને નિષ્ફળ બનાવીને દીપડાના ચામડા અને નખ જપ્ત કર્યા. ચોક્કસ ખાનગી માહિતી અને CID (ક્રાઇમ), ગુજરાતના ઇનપુટ્સના આધારે, અમદાવાદના ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સના અધિકારીઓએ રાજસ્થાનના રાજસમંદ જિલ્લામાં એક સંગઠિત વન્યજીવ પ્રતિબંધિત વેપાર કામગીરીને સફળતાપૂર્વક અટકાવી અને બે દીપડાના ચામડા અને 18 દીપડાના નખ જપ્ત કર્યા હતા . ગેરકાયદે વેપારમાં સામેલ પાંચ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે, અને જપ્ત કરાયેલી વસ્તુઓ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ (WPA), 1972 હેઠળ વધુ તપાસ માટે રાજસ્થાન વન વિભાગને સોંપવામાં આવી છે. વન્ય કાયદાની જોગવાઇ મુજબ ચામડા અને નખ સહિત કોઈપણ દીપડાના અંગ વેચાણ, ખરીદી, વેપાર અથવા કબજા પર સખત પ્રતિબંધ મૂકે છે.

પકડાયેલા ચાર વ્યક્તિઓની પૂછપરછ દરમિયાન, અધિકારીઓને જંગલની સીમમાં 30 કિલોમીટર દૂર દીપડાના ચામડાના બીજા આયોજિત વેપાર વિશે ચોક્કસ માહિતી મળી હતી. જેનાં આધારે DRI ટીમે જંગલ વિસ્તારમાં દરોડા

પાડીને વધુ એક વ્યક્તિને પકડી લીધો હતો. તેમજ બીજા દીપડાના ચામડાને જપ્ત કર્યું હતું.

## SHOTTING – STATE STUDENT

રાજ્યના ગુંજલ તાવીયાએ બિહાર ખાતે યોજાયેલી 68મી રાષ્ટ્રીય શાળાકીય શૂટિંગ સ્પર્ધામાં એક સૂવર્ણ, બે રજત અને એક કાંસ્ય એમ ચાર ચંદ્રકો જીત્યા છે. અમરેલીના આ વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રકો જીતીને રાજ્યને ગૌરવ અપાવ્યું હતું. તેણે ચાલુ વર્ષ દરમિયાન 6 રાષ્ટ્રીય અને 22 રાજ્યકક્ષાના ચંદ્રકો પણ જીત્યા છે.

આ અંગે ગુંજલે પોતાની પ્રતિક્રિયા આ મજુબ આપી.

### બાઈટ – ખેલાડી

## FOOTBALL MATCHES

ગુજરાત સ્ટેટ ફૂટબાલ અસોશિએશન દ્વારા આયોજિત સીનિયર ક્લબ અને અંડર 13, અંડર 15, બોયસ યૂથ લીગ ક્લબ ચેમ્પિયન શીપ 2025ની અમદાવાદમાં મેચ યોજાઇ રહી છે.

જે અંતર્ગત ગઇકાલે રમાયેલી મેચોમાં સિનિયર ક્લબ ચેમ્પિયનશિપ માં ઈન્કમ ટેક્સ એફસી એ ગોધરા એફસી પર 4-1 થી વિજય મેળવ્યો હતો એઆરએ એફસી એ એસએજી પર 4-0 થી વિજય હાંસલ કર્યો હતો જ્યારે

અંડર 13 માં કહાની એફસી એ કિંગ સ્ટાર એફસી પર 3-0 થી, બરોડા એફએ એ રેન્જર એફસી પર 11-1 થી, ગાંધીનગર એફસી એ નવરચના પર 2-0 થી, બરોડા એફસી એ બીએફએ-યુએસઆઈ પર 3-0 થી, બીએસપીએફએ સુરતે સીવીએમ એફસી પર 1-0 થી ફલોરી એ એઆરએ પર 3-0 થી, એસીટી એ કચ્છ પર 15-0 થી, માસ્તર એફસી એ ફાઉન્ટન હેડ પર 4-1 થી, ઓએજે એફસી એ સર્પ શૂટર પર 5-1 થી જીત મેળવી હતી

અંડર 15 માં એઆરએ એફસી એ એસીટી પર 7-0 થી, કહાની એફસી એ રેન્જર એફસી પર 3-0 થી, ભાવનગર એફએ એ યુનાઈટેડ એફસી પર 13-1 થી, નવરચના એસએ એ માસ્તર એફસી પર 12-0 થી, ફાઉન્ટન હેડ એ એનફિલ્ડ પર 3-1 થી, સીવીએમ એફસી એ કચ્છ પર 3-0 થી, બરોડા એફએ એ બીએફએની ટીમને હરાવી હતી.

# IFA INDUCTION

ભારતીય વાયુસેના દ્વારા એક ઇન્ડક્શન પ્રચાર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. દિલ્હીથી રવાના થયેલી એક વિશેષ ટીમ તેના ઇન્ડક્શન પ્રચાર પ્રદર્શન વાહન સાથે 28 જાન્યુઆરી 2025ના રોજ IIIT વડોદરા ગાંધીનગર ખાતે પહોંચશે. કોલેજના વિદ્યાર્થીઓ માટે IAF અને ભારતીય વાયુસેનામાં ઉપલબ્ધ કારકિર્દીની તકો વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્યથી આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાન યુવા માનસને પ્રેરણા આપવા અને ભારતીય વાયુસેનાના કર્મચારીઓના જીવન તેમજ કામગીરી વિશે સીધી સમજ પૂરી પાડવા પર કેન્દ્રિત રહેશે.

IPEV કવાયતમાં ખાસ ડિઝાઇન કરવામાં આવેલું પ્રદર્શન વાહન રહેશે જે ભારતીય વાયુસેનામાં ઉપલબ્ધ કારકિર્દીના વિવિધ વિકલ્પો પર પ્રકાશ પાડે છે

જેમાં ફ્લાઇંગ, ટેકનિકલ, ગ્રાઉન્ડ અને વહીવટી શાખાઓમાં રહેલી તકોનો સમાવેશ થાય છે. આ તકો અંગે વાહનમાં ઇન્ટરેક્ટિવ ડિસ્પ્લે, વીડિઓ અને પ્રેઝન્ટેશન પ્રદર્શિત કરવામાં આવશે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સીધા જોડાવાની તક આપશે. વાયુસેનાના અધિકારીઓ ભારતીય વાયુસેનામાં ભરતી પ્રક્રિયા, તાલીમ અને કારકિર્દીમાં પ્રગતિ વિશે માહિતી પૂરી પાડશે.